**દહેગામના મહે.પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં, જી.ગાંધીનગર.**

**રે.દિ.મુ.નં.૧૫૧–૨૦૦૮.**

**રે.દિ.મુનં. ૧૫૧/૨૦૦૮ ના કામે કોર્ટ ફી બાબતે આંક–૧ નીચે હુકમઃ–**

---

૧. દિવાની પરચુરણ અપીલ નં.૨૦/૨૦૧૪ ના કામે નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટે તા. ૨૭/૧૨/૨૦૧૬ ના રોજ કરેલ હુકમ વંચાણે લીધો. વાદી તર્ફે વિ.વ.શ્રી. એ.કે. મનસુરીને સાંભળવામાં આવેલ છે.

૨. સદર કામમાં વાદીએ દાવા અરજી પેરા–૭ (અ)થી દાદ માંગેલ છે કે,

"પેરા–૭(અ)મોજે દહેગામ ગામના સીમાડામાં આવેલ સર્વે નં. ૧૩૫૭ પૈકી હે.આરે.ચો.મી.૦–૪૦–૧૩ ચો.મી.તથા સર્વે નં. ૧૩૫૮ પૈકી હે.આરે.ચો.મી. ૦–૩૬–૦૮ ચો.મી. તથા સર્વે નં. ૧૩૫૯ હે.આરે.ચો.મી.૦–૨૫–૬૭ ચો.મી.વાળી જમીનનો આ કામના પ્રતિવાદી નં.૨ નાએ પ્રતિવાદી નં.૧નાને તા. ૧૩/૮/૨૦૦૮ ના રોજ દસ્તાવેજ નં. ૨૦૯૧ થી દહેગામ સબ રજીસ્ટ્રાર ઓફીસમાં નોંધાવી લખી આપેલ દસ્તાવેજ કબજા વગરનો હોવાનું જાહેર કરી આપો." તેવી દાદ માંગેલ છે.આમ વાદીએ સદર દ સ્તાવેજ કબજા વગરનો હોવાનું જાહેર કરવા માટે દાદ માંગેલ છે. સદર કામમાં નિશાની ૩/૨ થી રજુ થયેલ રુા. ૪,૯૫,૦૦૦/– નો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર– ૨૦૯૧ તા. ૧૩/૮/૨૦૦૮ નો રજીસ્ટ્રડ વેચાણ દસ્તાવેજ પ્રતિવાદી નં.૨ નાએ પ્રતિવાદી નં.૧ને કરી આપેલ હોવાનું વાદીએ પ્લીડીંગમાં જણાવેલ છે. સદર વેચાણ દસ્તાવેજ આ કામે નિશાની ૩/૨ થી રજુ થયેલ છે. સદર વેચાણ દસ્તાવેજની કિંમત રુા. ૪,૯૫,૦૦૦/–ઉપર નિયમાનુસાર કોર્ટ ફી રુા. ૧૩,૯૫૦/– ભરવાની થાય છે. ગુજરાત કોર્ટ ફી અધિનિયમ ૨૦૦૪ કલમ–૬(૯)ની જોગવાઈ નીચે મુજબ છેઃ–

**ગુજરાત કોર્ટ ફી અધિનિયમ ૨૦૦૪ કલમ–૬(૯)ની જોગવાઈ :–**
**વેચાણ,વેચાણ માટેના કરાર વગેરે રદ કરવા બાબતઃ–**

કોઈ જંગમ અથવા સ્થાવર મિલ્કતના કોઈ વેચાણ અથવા વેચાણ માટેના કરાર અથવા વેચાણ કરારની સમાપ્તિ રદ કરવાની જાહેરાત કરતા દાવામાં મિલ્કતની કિંમત ઉપર, કિંમત પ્રમાણેની લેવાપાત્ર ફીની અડધી ફી.

૩. આમ, ગુજરાત કોર્ટ ફી અધિનિયમ ૨૦૦૪ કલમ–૬(૯)ની જોગવાઈ ધ્યાને લેતાં કોઈ જંગમ અથવા સ્થાવર મિલ્કતના કોઈ વેચાણ અથવા વેચાણ માટેના કરાર અથવા વેચાણ કરારની સમાપ્તિ રદ કરવાની જાહેરાત કરતા દાવામાં મિલ્કતની કિંમત ઉપર, કિંમત પ્રમાણેની લેવાપાત્ર ફીની અડધી ફી ભરવાની થાય છે તેમ દર્શાવેલ છે. જેથી કોર્ટ ફી અંગે ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

વાદીએ નિશાની ૩/૨ થી રજુ થયેલ વેચાણ દસ્તાવેજની કિંમત રુા. ૪,૯૫,૦૦૦/–ઉપર નિયમાનુસાર કોર્ટ ફી રુા. ૧૩,૯૫૦/– ભરવાની થાય છે તેની અડધી રકમ રુા. ૬,૯૭૫/– કોર્ટ ફી ભરવાનો હુકમ કરવામાં આવે છે.

વાદીએ કોર્ટ ફીની રકમ આ હુકમની તારીખથી દિન–૧૫માં ભરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૬ મી માહે જાન્યુઆરી –૨૦૧૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.દહેગામ
તા.૧૬/૦૧/૨૦૧૭

( કિશોરકુમાર ગજાનન પટેલ )
Code No.GJ00762
**પ્રિન્સીપાલ સીવીલ જજ,**
**દહેગામ.**